# હિંમતનગરમાં ખાળકુવાની દિવાલ ધસી પડતા એક શ્રમિકનું મોત

**હિંમતનગર,**
હિંમતનગરના સહકારી જીન વિસ્તારમાં ગુરૂવારે એક એપાર્ટમેન્ટમાં ખાળકુવો ભરાઈ જવાને કારણે તેની નજીક બીજો એક ખાળકુવો કરવામાં આવી રહ્યો હતો.દરમ્યાન ૧૫ ફુટ ખોદકામ કરયા બાદ અચાનક જુના ખાળકુવાની દિવાલ ધસી પડતા અંદર કામ કરી રહેલા એક શ્રમિકનું દટાઈ જવાને કારણે મોત નિપજ્યુ હતુ. ત્યારબાદ પાલિકાના ફાયર બ્રિગેડના જવાનોએ જેસીબીની મદદથી ખાળકુવાનો કાટમાળ ખસેડી શ્રમિકને બહાર કાઢયો હતો. આ અંગે ફાયરબ્રિગેડના ચીફ ઓફીસર પ્રતાપસિંહ દેવડાના જણાવાયા મુજબ ગુરૂવારે હિંમતનગરના સહકારી જીન વિસ્તારમાં આવેલ શ્રી રાજ એપાર્ટમેન્ટ આગળ ખાળકુવા ખોદવાનુ કામ ચાલી રહ્યું હતું. જ્યાં અનિલભાઈ બાબુભાઈ વણઝારા (ઉ.વ. ૨૨) અને અન્ય શ્રમિકો ખાળકુવો ખોદી રહ્યા હતા દરમ્યાન જે ખાળકુવો ભરાઈ ગયો હતો અથવા તો બીનઉપયોગી થઈ ગયો હતો તેની નજીક નવો ખાળકુવો બનાવાઈ રહ્યો હતો. અને અંદાજે ૧૫ ફુટ જમીનનું ખોદકામ કરી દેવાયું હતુ. આ જ સમયે ગમે તે કારણોસર જુના ખાળકુવાની દિવાલ ખુલ્લી થઈ જવાને કારણે તથા હવાનું દબાણ વધી જતા તરત જ આ ખાળકુવાની દિવાલ ધરાશયી થઈ ગઈ હતી. તેથી ખાળકુવામાં કામ કરી રહેલા અનિલભાઈ બાબુભાઈ વણઝારા કાટમાળ નીચે દટાઈ ગયા હતા. ત્યારબાદ તરત જ હિંમતનગર ફાયરબ્રિગેડને જાણ કરાતા જવાનોએ તરત જ પહોચી જઈ જેસીબીની મદદથી કાટમાળ નીચે દટાઈ ગયેલા અનિલભાઈ વણઝારાને બહાર કાઢી સારવાર માટે લઈ જવાયા હતા. જ્યાં ફરજ પરના તબીબે તપાસ કરીને મૃત જાહેર કર્યા હોવાનું ફાયરબ્રિગેડના સુત્રોમાંથી જાણવા મળ્યું છે.

## સમગ્ર જિલ્લામાં સ્વચ્છ ગામ- સ્વચ્છ દિવાળી ઝંબેશની કરાઈ ઉજવણી

**વડોદરા :** મહાત્મા ગાધીની ૧૫૦મી જન્મ જયંતીના ભાગરૂપે સમગ્ર દેશને ખુલ્લામાં શૌચક્રિયા મુક્ત જાહેર કરવામાં આવ્યો છે. ત્યારે સમગ્ર જિલ્લામાં સ્વચ્છ ભારત મિશન (ગ્રામીણ) અંતર્ગત સ્વચ્છ ગામ-સ્વચ્છ દિવાળી પખવાડીયાની ઉજવણી કરવામાં આવી. પખવાડિયા દરમિયાન ગ્રામસભાનું આયોજન કરીને લોકોને સ્વચ્છતાના સંકલ્પ સાથે લોકોને સિંગલ યુઝ પ્લાસ્ટિકના વપરાશ નહિ કરવા સંદેશ આપવામાં આવ્યો. અને તેના પર પ્રતિબંધ મૂકતા ગ્રામસભાઓમાં ઠરાવ પણ કરવામાં આવ્યાં. તેમજ સાર્વજનિક શૌચાલયની, ગામના તમામ પ્રવેશ દ્વારોની, શાળા, આંગણવાડી, પ્રાથમિક આરોગ્ય કેન્દ્રની લોકભાગીદારીના માધ્યમથી સાફ સફાઈ કરવામાં આવી. વર્લ્ડ હેન્ડ વોશ ડે નિમિત્તે આંગણવાડીના બાળકોને હાથ ધોવાની પદ્ધતિની સમજૂતીની સાથે પ્લાસ્ટિક થતાં નુકશાન અંગે માહિતી આપવામાં આવી હતી. પખવાડીયા દરમિયાન ઘન કચરાનું એકત્રીકરણ વર્ગીકરણ અને તેના સલામત વ્યવસ્થાપનના પ્રોજેક્ટની શરૂઆત કરવામાં આવી તેમજ ઘન કચરાના નિકાલ માટેની સમજૂતી પણ આપવામાં આવી. સ્વચ્છતા હી સેવા દિવસની ઉજવણીના ભાગરૂપે સફાઈ બાદ એકત્ર કરેલા તમામ કચરાને યોગ્ય રીતે લેન્ડફીલ સાઈટ પર નિકાલ કરવામાં આવ્યો. આમ નવું વર્ષ રાજ્યના તમામ લોકોનું સ્વચ્છ, સ્વસ્થ અને સુખમય બની રહે તે આશયથી સ્વચ્છ ગામ-સ્વચ્છ દિવાળી ઝુંબેશનું આયોજન કરવામાં આવ્યું હતું.

## દિવાળીના તહેવાર દરમિયાન મીઠાઇ-ફરસાણના વેપારીઓએ તકેદારી રાખવી

**વડોદરા,**
દિવાળીના તહેવારો દરમિયાન મીઠાઇ, ફરસાણ, ચોકલેટ, દૂધ, ઘી, માવો વગેરેની માંગ વધુ રહે છે. ખાદ્ય ચીજવસ્તુઓનું ઉત્પાદન, સંગ્રહ અને વેચાણ કરતા તમામ વેપારીઓએ ફુડ સેફટી એન્ડ સ્ટાન્ડર્ડસ એકટ-૨૦૦૬ તથા તેના નિયમોનું ચૂસ્તપણે પાલન કરવાનું રહે છે. વેપારીઓ દ્વારા વેચાણ કરવામાં આવતી વસ્તુઓમાં ખાસ કરીને દૂધની બનાવટો માટે પેક તથા લૂઝ મીઠાઇઓમાં બેસ્ટ બીફોર-યુઝડ બાય ડેઇટ અવશ્ય લખવાની રહે છે. વેપારીઓએ સ્વચ્છ અને આરોગ્યપ્રદ સ્થિતિમાં જ ખાદ્ય ચીજવસ્તુઓ બનાવવાની, વેચાણ કરવાની તેમજ સંગ્રહ કરવાની રહેશે. કોઇપણ જાતના અમાન્ય કલર-સુગંધિત દ્રવ્યો કે એડીટીવ્સ વાપરવાના રહેશે નહિ. તળવા માટે ઉપયોગ કરેલ ખાદ્યતેલનો વારંવાર ઉપયોગ કરવો નહિ. તમામ ખાદ્યચીજવસ્તુઓના પેકીંગ પર યોગ્ય લેબલ તથા તેની શેલ્ફલાઇફ અવશ્ય લખવી. મીઠાઇ-ફરસાણ લૂઝ અવસ્થામાં વેચાણ કરવામાં આવે છે તેના કન્ટેઇનર કે ટ્રે પર બેસ્ટ બિફોર અથવા યૂઝ બાય ડેઇટ અવશ્ય લખવાની રહેશે તેમજ તે મીઠાઇ કે ફરસાણ જે ખાદ્યતેલ કે ઘી અથવા વનસ્પતિમાંથી બનાવવામાં આવ્યું હોય તેની વિગતો જાહેર કરવી. ડેરી આધારિત ઉત્પાદનોના સ્ત્રોતનો રેકર્ડ અવશ્ય નિભાવવાનો રહેશે. એફએસએસએઆઇનું લાયસન્સ-રજીસ્ટ્રેશન જાહેર જનતા જોઇ શકે તે રીતે લગાવવું તેમજ હંગામી ધોરણે માંડવા-સામીયાણા બાંધીને વેચાણ કરતા વેપારીઓએ રજીસ્ટ્રેશન અવશ્ય કરાવવું. તમામ મીઠાઇ-ફરસાણના વેપારીઓ નોટીસ બોર્ડ પર જાહેર જનતા જોઇ શકે તે માટે, વેપારી દ્વારા વેચવામાં આવતી ખાદ્યચીજવસ્તુઓ ઘી કે અન્ય ક્યા ખાદ્યતેલનો પ્રકાર, વનસ્પતિ અથવા અન્ય ફેટ સહિત વસ્તુઓ કયા કુકીંગ માધ્યમમાં બનાવવામાં આવ છે તે પ્રદર્શિત કરવું. આ અંગેની તમામ વિગતવાર ગાઇડલાઇન www.fssai.gov.in પર ઉપલબ્ધ છે, તેમ ખોરાક અને ઔષધ નિયમનના કમિશનર અને ડેઝીગનેટેડ ઓફિસરશ્રીની એક અખબારી યાદીમાં જણાવવામાં આવ્યું છે.

## બરોડા સ્વરોજગાર વિકાસ સંસ્થાન ડાંગ દ્વારા ચિકાર ગામે કિસાન પખવાડિયાની ઉજવણી

**(માહિતી બ્યૂરો): આહવા,**
ડાંગ જિલ્લાના પ્રવેશદ્વાર વઘઈ તાલુકાના ચિકાર (રંભાસ) ગામે બરોડા સ્વરોજગાર વિકાસ સંસ્થાન આહવા દ્વારા પશુપાલન અને જૈવિક ખાતર બનાવવાની તાલીમનો તા. ૨૨/૧૦/૧૯ ના રોજ પ્રારંભ કરાયો હતો. તા.૩૧/૧૦/૧૯ સુધી ચાલનારા આ કાર્યક્રમ દરમિયાન બેંક ઓફ બરોડા વધઈ દ્વારા કિસાન ૫ વાડિયાની પણ ઉજવણી કરવામાં આવી હતી. આ ઉજવણીમાં ગામના ભાઈઓ તથા બહેનો ઉત્સાહભેર ભાગ લઈ રહ્યા છે. વધઈ બ્રાંચ મેનેજરશ્રી પ્રકાશકુમાર મહાપાત્રએ ગામના ખેડૂતોને વિવિધ પ્રકારની લોન અંગેની માહિતી, કે.સી.સી. અને એજ્યુકેશન લોન અંગેની માહિતી વિગતવાર પુરી પાડી માર્ગદર્શન આપ્યું હતું. બરોડા સ્વરોજગાર સંસ્થાન મેનેજરશ્રી વિષ્ણુભાઈ,વિજયભાઈ સહિત આરસેટી ટીમે ખેડૂતો અને પશુપાલકો સાથે સંકલન કરી વધુમાં વધુ લોકો ભાગ લઈ વિકાસ કરે તેવુ આયોજન કર્યુ હતું.

# માળીના છાપરીયામાં લોન આપવા બાબતે ઝઘડો થતા એક વિરૂધ્ધ ફરીયાદ

**હિંમતનગર,**
હિંમતનગરના માળીના છાપરીયા વિસ્તારમાં ત્રણ દિવસ અગાઉ બે જણા વચ્ચે લોન આપવા બાબતે થયેલા ઝઘડામાં એક ઈસમને અન્ય એક શખ્સ હમલો કરી ઈજા પહોંચાડી જાનથી મારી નાખવાની ધમકી આપ્યાની ફરીયાદ બુધવારે હિંમતનગર ગ્રામ્ય પોલીસ સ્ટેશનમાં નોધવા પામી હતી. આ અંગે માળીના છાપરીયા વિસ્તારમાં રહેતા અબ્દુલ મજીદ અબ્દુલ માલિક શેખએ નોધાવેલી ફરીયાદમાં કરેલા આક્ષેપ મુજબ ગત તા.૨૧ સપ્ટેમ્બરના રોજ સાંજના સુમારે તેમણે અઠવાડીયા પહેલા ઈમરાન ઉર્ફે મુનનો મહમદ મીયા શેખ પાસે હાથ ઉછીના પેટે રૂા.૫ હજાર આપવાનું કહ્યું હતું. જેથી ઈમરાના શેખે લોનથી રોજના રૂપિયા ૧૦૦ ના હસ્તે લોન આપવાની વાત કરી હતી. બીજી તરફ આ અંગે અબ્દુલ મજીદ શેખે ફોન કરીને પુછતા પૈસા આપવાની ના પાડી હતી. ત્યારબાદ ૨૧ સપ્ટેમ્બરના રોજ ઈમરાન શેખ અને અબદુલ મજીદ શેખ રસ્તામાં મળ્યા હતા. જ્યાં બંને વચ્ચે બોલાચાલી થતા ઈમરાન શેખે ઉશ્કેરાઈ જઈ ગાળો બોલી તેમના પર તીક્ષણ હથિયારથી હુમલો કરી ઈજા પહોચાડી જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. જેથી અવદુલ મજીદ શેખે ઈમરાન શેખ વિરૂધ્ધ બુધવારે હિંમતનગર ગ્રામ્ય પોલીસ સ્ટેશનમાં ફરીયાદ નોંધાવી હતી.

## વિરપુર તાલુકાના માજી સૈનીકો દ્વારા જમીન ફાળવણી બાબતને લઈને આવેદનપત્ર આપવામાં આવ્યું



(તસ્વીરઃ-વિપુલ જોષી, વિરપુર)

**વિરપુર,**
મહિસાગર જીલ્લામાં આવેલા વિરપુર તાલુકાના માજી સૈનીકો દ્વારા આજ રોજ જમીન ફાળવણી બાબતને લઈને મામલતદાર કચેરીમાં આવેદન આપવામાં આવ્યું હતું સરકાર દ્વારા પરીપત્ર બહાર પાડ્યો હોવા છતાં આજદિન સુધી માજી સૈનીકોને સરકારી જમીન કે અન્ય જમીન ફાળવણી કરવામાં ના આવતા વિરપુર તાલુકાના તેમજ આજુબાજુના ગામડાઓના ૫૦ થી વધારે માજી સૈનીકો તેમજ એસોસિયેશન પ્રમુખ સહિતના આગેવાનોની ઉપસ્થિતિમાં સરકાર સામે જમીન ફાળવણી બાબતને લઈને આવેદન પત્ર આપવામાં આવ્યું હતું.

## વિરમગામ એન. એસ. યુ. આઈ દ્વારા પીવાના શુદ્ધ પાણી અને ફાયર સેફટી અંગે ઉગ્ર રજૂઆત કરવામાં આવી


(તસ્વીર : મોહસીન વહોરા, સેવાલીયા)

**સેવાલીયા,**
આજરોજ વિરમગામ વિધાર્થી સંગઠન એન.એસ.યુ. આઈ દ્વારા વિધાર્થીઓને પાણીની પડતી હાલાકી અને વિરમગામમાં ફાયર સેફ્ટીનો અભાવ હોવાથી વિદ્યાર્થીઓને શુદ્ધ પીવાનું પાણી મળી રહે અને ફાયર સેફટી વધુ સંખ્યામાં કેમ્પસમાં નાખવા બાબતે વિરમગામ ખાતે એન.એસ.યુ.આઈના હુસેન. એ. પટેલ ના વડપણ હેઠળ સમગ્ર એન.એસ.યુ.આઈ ટીમ દ્વારા આચાર્યને આ અંગે રજૂઆત કરાઈ હતી. તેમજ મેદાનમાં પાણીની ટાંકી તથા મેદાનમાં લાંબા સમયથી ખદબદી રહેલ ગંદકી સાફ કરવા કહેવામાં આવ્યું તેમજ આચાર્યએ પણ માંગો સાંભળ્યા બાદ બધીજ માંગો પુરી કરવાની તેમજ હવે આ અંગે કોઈપણ પ્રકારની સમસ્યાઓનો ઉકેલ લાવવા બાંહેધરી આપી હતી.

# વાપી વિદ્યાધામ ઈન્ટરનેશનલ શાળાએ દિવાળી પર્વની કરેલી ઉત્સાહભેર ઉજવણી

**(પ્રતિનિધિ) વલસાડ,**
વાપીની વિદ્યાધામ ઈન્ટરનેશનલ શાળામાં દિવ્ળી પર્વની ઉત્સાહભેર ઉજવણી કરવામાં આવી હતી. આ ઉજવણીમાં શાળાના ડાયરેકટર લક્ષ્મી ઋષીકેશ દેસાઈ હાજર રહ્યા હતા અને અનીતા વિજયજીના માર્ગદર્શન હેઠળ શિક્ષકોએ વિવિધ સ્પર્ધાઓનું આયોજન કર્યુ હતું. જેમાં દિવાળી સજાવટ, વિવિધ ફૂલોના સાથિયા દ્વારા બાળકોએ પોતાનામાં છુપાયેલી કલાનું સુંદર પ્રદર્શન કર્યુ હતું. બાળકો દ્વારા વિવિધ નાસ્તાની સ્પર્ધા પણ આયોજીત કરી હતી. આ સાથે દિવાળી પર્વની ઉજવણી કરી આ કાર્યક્રમ પૂરો થયો હતો.★



(તસ્વીરઃ-અશોક જોષી, વલસાડ)

## કુમકુમ મંદિર દ્વારા ધનતેરસની ઉજવણી કરવામાં આવશે



**અમદાવાદ,**
શુક્રવાર ના રોજ ધનતેરસ હોવાથી શ્રી શ્રી સ્વામિનારાયણ કુમકુમ મંદિર મણિનગર ખાતે શાસ્ત્રી શ્રી આનંદપ્રિયદાસજી સ્વામીની નિશ્રામાં સવારે ૭ - ૦૦ થી ૮ – ૦૦ શ્રી સ્વામિનારાયણ ભગવાનની ષોડ્શોપચારથી મહાપૂજા, પંચામૃતથી મહાભિષેક કરવામાં આવશે. જનમંગલના પાઠ કરવામાં આવશે. સત્સંગીઓ હરિભકતો દ્રારા ચાંદીના સિકકાઓ તથા ધનનું પણ પૂજન કરવામાં આવશે. ધનતેરસ પ્રસંગે કુમકુમ મંદિરના સાધુ પ્રેમવત્સલદાસજીએ જણાવ્યું હતું કે, ધનતેરસ ના બે અર્થ થાય છે. ધણતેરસ તથા ધનના પૂજનનો દીવસ. ગાયોનું ધણ પણ ધન કહેવાતું આ દિવસે ગાયોની પણ પૂજા થાય છે. સોનાચાંદીના દાગીના ખરીદવામાં આવે છે.

ભગવાનના દાગીના - સિંહાસનનું શુદ્ધિકરણ કરવામાં આવે છે. ધન્વતરી આ દિવસે હાથમાં અમૃતકુંભ લઈને પ્રગટ થયા હતા માટે વાસણ-પાત્રોનું પૂજન કરવામાં આવી રહયું છે. દીપદાનનું મહત્વ સવિશેષ છે.

સ્વામિનારાયણ સંપ્રદાયમાં ધનતેરસ પ્રસંગે કુમકુમ મંદિરના સાધુ પ્રેમવત્સલદાસજીએ જણાવ્યું હતું કે, સ્વામિનારાયણ સંપ્રદાયના મંદિરોમાં શ્રી સ્વામિનારાયણ ભગવાનનું પંચામૃતથી પૂજન કરીને મહાભિષેક કરવામાં આવે છે. તથા- ચાંદીના-સુર્વણના સિકકા તથા ધનનું પૂજન અર્ચન કરીને આરતી ઉતારવામાં આવે છે. ધનતેરસના દિવસે નીત્તિમત્તાથી જ ધન મેળવવું છે તેવો સંકલ્પ કરવો જાઈએ. અને એ સંકલ્પ પ્રમાણે જ ધન મેળવીને સંતોષ રાખવો જાઈએ.

## કણાદરમાં જમીનના ઝઘડાથી મન દુઃખ થતા હુમલો કરી ઈજા પહોંચાડી

**હિંમતનગર,**
વિજયનગર તાલુકાના કણાદર ગામે ત્રણ દિવસ અગાઉ બે શસ્સોએ અન્ય એક ઈસમ સાથે જમીન બાબતે થયેલા ઝઘડાથી મન દુઃખ થતા બંને જણાએ હમલો કરી બે ઈસમોને ઈજા પહોંચાડ્યાની ફરીયાદ બુધવારે ચિઠોડા પોલીસ સ્ટેશનમાં નોધાવા પામી હતી. આ અંગે કણાદર ગામના વેચાતભાઈ ધુળાજી ભગારાએ નોંધાવેલી ફરીયાદમાં કરેલા આક્ષેપ મુજબ કાંતિભાઈ મગનભાઈ ભગોરા કિરીટભાઈ કાંતિભાઈ ભગોરા સાથે જમીન બાબતે મનદુખ ચાલતુ હતુ. દરમ્યાન રમણભાઈ વેચાતભાઈ ભગોરા ગત તા. ૨૧ સપ્ટેમ્બરના રોજ કરીયાણાની દુકાનેથી સામાન લઈ પરત આવી રહ્યા હતા ત્યારે કાંતિભાઈ ભગોરા અને કિરીટભાઈ ભગોરાએ ગાળો બોલી રમણભાઈને ઈજા પહોચાડી જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. જેથી વેચાતભાઈ ભગોરાએ કાંતિભાઈ ભગોરા અને કિરીટભાઈ ભગોરા વિરૂધ્ધ બુધવારે ચિઠોડા પોલીસ સ્ટેશનમાં ફરીયાદ નોધાવી હતી.




### ડીમાન્ડ નોટીસ

સિક્યોરિટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ ૨૦૦૨ના નિયમ ૧૩(૨) સાથે વાંચતા સિક્યુરાઈટીઝેશન એન્ડ રિકન્ટ્રકશન ઓફ ફાયનાન્સિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યોરિટી ઈન્ટરેસ્ટ એક્ટ, ૨૦૦૨ (જણાવેલ નિયમ)ની કલમ ૧૩ હેઠળ આ રૂલ્સના નિયમ ૩(૧) સાથે વાંચતા કલમ ૧૩(૧૨) હેઠળ મળેલી સત્તા મુજબ ઈન્ડીયા ઈન્ફોલાઈન હાઉસીંગ ફાયનાન્સ લી. IIFL (અગાઉ જાણીતી ઈન્ડીયા ઈન્ફોલાઈન હાઉસીંગ ફાઈનાન્સ લિમીટેડ)ના અધિકૃત ઓફિસરે કલમ ૧૩ હેઠળ દેવાદારને તેમને ઈસ્યુ કરેલ સંબંધિત ડીમાન્ડ નોટિસમાં દર્શાવેલ રકમની ચૂકવણી કરવા જણાવ્યું હતું. ઉપરોક્ત બાબતના સંદર્ભે આથી દેવાદારોને ઉપરોક્ત અનુસંધાને ફરી એકવાર નોટીસ આપવામાં આવે છે અને આ નોટિસની પ્રસિધ્ધિની તારીખથી ૬૦ દિવસમાં અત્રે દર્શાવેલી રકમ, ચૂકવણીની તારીખથી સાથેની રકમ ચૂકવવાની છે. દેવાદારની વિગતો ડીમાન્ડ નોટીસ લેણી રકમ અને તે હેઠળ લોનની રકમની પુનઃ ચૂકવણીની સિક્યોરિટી ઓફર કરાઈ હતી જે નીચે મુજબ છે.

| દેવાદારો/જામીનદારોના નામો | ડીમાન્ડ નોટીસ તારીખ અને રકમ | સિક્યોર્ડ એસેટ (સ્થાઇ મિલ્કત)નું વર્ણન |
|---|---|---|
| ૧.શ્રી.રવી અરવિંદભાઇ શેઠ, ૨.શ્રી.અરવિંદ હિમ્મતલાલ શેઠ, ૩.શ્રીમતી. ભાવિશા યોગેશભાઇ શેઠ, ૩.મેસર્સ કિંજલ કોમ્પ્યુટર એન્ડ લેપટોપ (Prospect નં./લોન ખાતા.નં. 741197) | ૧૮-૧૦-૨૦૧૯ રૂા.૧૬,૬૦,૫૦૮/- (રૂપિયા સોળ લાખ સાંઈઠ હજાર પાંચસો આઠ ફક્ત) | શોપ નં.૧૬, કિંજલ કોમ્પ્યુટર્સ, ગ્રાઉન્ડ ફ્લોર, જીમ્મી ટાવર, સ્વામીનારાયણ ગુરુકુળની સામે, ઓવરબ્રીજની સામે ગોંડલ રોડ, રાજકોટ ગુજરાત ખાતે આવેલી મિલકત અને તેના બધા જ ભાગો સહિત |
| ૧.શ્રી.કલપેશભાઇ ડી. નાકરાણી, ૨.શ્રી.શૈલેષભાઇ ડી. નાકરાણી, શ્રીમતી. વૈશાલીબેન કલપેશભાઇ નાકરાણી, ૪. શ્રીમતી. હીનાબેન શૈલેષભાઇ નાકરાણી (Prospect નં./લોન ખાતા.નં.716959) | ૧૮-૧૦-૨૦૧૯ રૂા.૧૬,૭૩,૯૫૭/- (રૂપિયા સોળ લાખ તોતેર હજાર નવસો સત્તાવન ફક્ત) | શોપ નં.એસ-૩૦, બીજો માળ, સ્વાસ્તિક પ્લાઝા જે રેવેન્યુ સર્વે નં.૩૧૧/૧, બ્લોક-૩૫૬, ટીપી નં.૬૦(પુના) ફાઇનલ પ્લોટ નં.૧૨૭ મોજે ગામ - પુના, સીટી - સુરત, ગુજરાત ખાતે આવેલી મિલકત અને તેના બધા જ ભાગો સહિત |
| ૧.શ્રી.રશીદભાઇ એમ. પઠાણ, ૨. હસીનાબેન રસીદભાઇ પઠાણ (Prospect નં./લોન ખાતા.નં.715066) | ૧૮-૧૦-૨૦૧૯ રૂા.૫૬,૭૮,૯૬૧/- (રૂપિયા છપ્પન લાખ ઈઠ્યોતેર હજાર નવસો એકસઠ ફક્ત) | પ્લોટ નં.૮૧,૮૨,૮૩, ગુલિસ્તાનનગર, ગ્રીનપાર્કની સામે, કાથોર, કામરેજ, સુરત, ગુજરાત ખાતે આવેલી મિલકત અને તેના બધા જ ભાગો સહિત |
| ૧.શ્રી.કોમલ મનોહરલાલ માલીવાલ ૨.શ્રીમતી. આરતી કોમલ માલીવાલ (Prospect નં./લોન ખાતા.નં.705496) | ૧૯-૧૦-૨૦૧૯ રૂા.૧૨,૬૬,૭૭૯/- (રૂપિયા બાર લાખ છાસઠ હજાર સાતસો ઓગણ્યાએસી ફક્ત) | ફ્લેટ નં.૧૦૩, પહેલો માળ, અભિષેક કોમ્પ્લેક્ષ, સીટી સર્વે નં.૪૧૮-બી, વોર્ડ નં.૭ મોજે સુમુલ ડેરી રોડ, સુરત સીટી, ગુજરાત ખાતે આવેલી મિલકત અને તેના બધા જ ભાગો સહિત |

જો આ દેવાદાર ઉપરોક્ત IIFL, HFLને ચૂકવણી કરવામાં નિષ્ફળ જાય તો IIFL, HFL આ એક્ટની કલમ ૧૩(૪) હેઠળ ઉપરોક્ત સિક્યોર્ડ એસેટ્સ સામે કાર્યવાહી હાથ ધરશે અને લાગુ થતા નિયમો/સમગ્રપણે તે દેવાદારના જોખમે અને ભોગે રહેશે.
વધુ માહિતી માટે અધિકૃત અધિકારીશ્રીની ઓફીસ **બ્રાંચ ઓફિસ :** મિલેનીયમ સ્કવેર, બીજો માળ, હોટેલ રોયલ ઈન, ફૂલછાબ ચોકની પાસે, રાજકોટ, ગુજરાત અને/અથવા **બ્રાંચ ઓફિસ :** ૬/૨૧૬, રૂસ્તમપુરા રોડ, ઉધના દરવાજા, અમનનગર, સુરત, ગુજરાત-૩૯૫૦૦૨ અને/અથવા **કોર્પોરેટ ઓફિસ :** આઈઆઈએફએલ ટાવર પ્લોટ નં.૯૮, ઉદ્યોગ વિહાર, ફેસ-૪, ગુરગાંવ, હરીયાણા સંપર્ક કરવો.,

**સ્થળઃ** સુરત અને રાજકોટ **તારીખઃ** ૨૫.૧૦.૨૦૧૯ — **સહી/- અધિકૃત અધિકારી, આઇઆઇએફએલ હોમ ફાઇનાન્સ લીમીટેડ (IIFL HFL)**

### યુપીએલ લિમિટેડ

સીઆઇએનઃ L24219GJ1985PLC025132
**નોંધણીકૃત કાર્યાલયઃ** ૩–૧૧, જી.આઇ.ડી.સી., વાપી, જિ. વલસાડ, ગુજરાત– ૩૯૬ ૧૯૫

**નોટિસ**

સેબી (લિસ્ટિંગ ઓબ્લિગેશન એન્ડ ડિસ્કલોઝર રિક્વાયરમેન્ટ્સ) ૨૦૧૫ના નિયમન ૨૯(૧)(એ) સાથે વાંચતાં નિયમન ૪૭(૧)(એ) અન્વયે નોટિસ આપવામાં આવે છે કે કંપનીના બોર્ડ ઓફ ડાયરેક્ટરોની મિટિંગ કંપનીના મુંબઈ કાર્યાલયમાં ગુરુવાર, ૭મી નવેમ્બર, ૨૦૧૯ના રોજ સુનિશ્ચિત થયેલ છે, જેમાં અન્ય બાબતો ઉપરાંત, ૩૦મી સપ્ટેમ્બર, ૨૦૧૯ના પૂરા થયેલા ત્રિમાસિક સમયના ઓડિટ બાકી એવા એક્લ અને એક્ત્રિકૃત પરિણામો રેકોર્ડ પર લેવાશે.

આ માહિતી કંપનીની વેબસાઈટ www.upl-ltd.com પર પણ આપવામાં આવી છે અને કંપનીની સિક્યુરિટીઝ જ્યાં લિસ્ટેડ છે તે શેરબજારો, એટલે કે, બીએસઈ લિમિટેડ (બીએસઈ)ની વેબસાઈટ www.bseindia.com અને નેશનલ સ્ટોક એક્સચન્જ ઓફ ઈન્ડીયા લિમિટેડ (એનએસઈ)ની વેબસાઈટ www.nseindia.com પર પણ જોઈ શકાશે.

બોર્ડના આદેશથી
**યુપીએલ લિમિટેડ** વતી
Sd/-
**એમ. બી. ત્રિવેદી**
કંપની સેક્રેટરી અને કોમ્પ્લાયન્સ ઓફિસર

સ્થળઃ મુંબઈ
તારીખઃ ૨૪મી ઓક્ટોબર, ૨૦૧૯

### યુનિફોઝ એન્ટરપ્રાઈઝીસ લિમિટેડ

સીઆઇએનઃ L24219GJ1969PLC001588
નોંધણીકૃત કાર્યાલયઃ ૧૧, જી.આઇ.ડી.સી., વાપી, જિ. વલસાડ, ગુજરાત– ૩૯૬ ૧૯૫

**નોટિસ**

સેબી (લિસ્ટિંગ ઓબ્લિગેશન એન્ડ ડિસ્કલોઝર રિક્વાયરમેન્ટ્સ) ૨૦૧૫ના નિયમન ૨૯(૧)(એ) સાથે વાંચતાં નિયમન ૪૭(૧)(એ) અન્વયે નોટિસ આપવામાં આવે છે કે કંપનીના બોર્ડ ઓફ ડાયરેક્ટરોની મિટિંગ કંપનીના મુંબઈ કાર્યાલયમાં ગુરુવાર, ૭મી નવેમ્બર, ૨૦૧૯ના રોજ સુનિશ્ચિત થયેલ છે, જેમાં અન્ય બાબતો ઉપરાંત, ૩૦મી સપ્ટેમ્બર, ૨૦૧૯ના પૂરા થયેલા ત્રિમાસિક સમયના ઓડિટ બાકી એવા નાણાંકીય પરિણામો રેકોર્ડ પર લેવાશે.

આ માહિતી કંપનીની વેબસાઈટ www.uelonline.com પર પણ આપવામાં આવી છે અને કંપનીના ઈક્વિટી શેરો જ્યાં લિસ્ટેડ છે તે શેરબજારો, એટલે કે, બીએસઈ લિમિટેડ (બીએસઈ)ની વેબસાઈટ www.bseindia.com અને નેશનલ સ્ટોક એક્સચન્જ ઓફ ઈન્ડીયા લિમિટેડ (એનએસઈ)ની વેબસાઈટ www.nseindia.com પર પણ જોઈ શકાશે.

બોર્ડના આદેશથી
**યુનિફોઝ એન્ટરપ્રાઈઝીસ લિમિટેડ** વતી
Sd/-
**કે. એમ. ઠક્કર**
કંપની સેક્રેટરી અને કોમ્પ્લાયન્સ ઓફિસર

સ્થળઃ મુંબઈ
તારીખઃ ૨૪મી ઓક્ટોબર, ૨૦૧૯

### જાહેર નોટીસ

આથી અમો નીચે સહી કરનાર એડવોકેટ સ્નેહલતા એસ.શાહ તે અમારા અસીલ શ્રીમાળી પંકજકુમાર ભુદરભાઈ, રહે.બી-૨૦૩, માધવ પાર્ક, આઈ.ઓ.સી.રોડ, ચાંદખેડા, અમદાવાદનાઓની સૂચના અને ફરમાઈશથી જણાવીએ છીએ કે,

અમદાવાદ ડીસ્ટ્રીકટ અમદાવાદ સબ ડીસ્ટ્રીકટ અમદાવાદ-૨ (વાડજ)ના સાબરમતી તાલુકાના મોજે ચાંદખેડાની સીમમાં આવેલ સર્વે નં.૪૨૦ની જમીન ઉપર "ધી માધવ પાર્ક કો.ઓ.હા.સો.લી." આવેલ છે. તેમાં બીજા માળ ઉપર આવેલ ફલેટ નં.બી-૨૦૩ વાળો ૩૬.૬૯ ચો.મી.ના બાંધકામવાળી મિલ્કત અમારા અસીલના કુલ સ્વતંત્ર માલિકી કબજા ભોગવટાની આવેલ છે અને સદરહુ મિલકત અમારા અસીલે દોલતભાઈ દામજીભાઈ ધુમડીયાનાઓ પાસેથી ૨.દ.નં.૭૮૭૦થી તા.૩૧.૦૭.૨૦૦૯ના રોજ ખરીદ કરેલ અને તે અંગે સોસાયટી દ્વારા દોલતભાઈ દામજીભાઈ ધુમડીયાનાઓને એક શેર સર્ટીફિકેટ નં.૨૭થી શેર અનુક્રમ નં.૧૩૧થી ૧૩૫ના રૂ.૫૦નો એક એવા પાંચ શેર રૂ.૨૫૦ના તા.૦૨.૦૨.૨૦૦૦ના રોજ ફાળવવામાં આવેલ. જે શેર સર્ટીફીકેટ અમારા અસીલના નામે ટ્રાન્સફર કરવામાં આવેલ તે ઓરીજનલ શેર સર્ટીફ રીકેટ અમારા અસીલથી ક્યાંક ખોવાઈ ગયેલ છે અને તેઓએ સદરહુ સોસાયટી પાસે ડુપ્લીકેટ શેર સર્ટીફિકેટની માંગણી કરેલ છે. તો તે અનુસંધાને સદરહુ મીલકત ઉપર કોઈનો કોઈપણ પ્રકારનો બોજો, અલાખઓ, સંબંધ કે માર્ગેજ, તારણ કે અન્ય કોઈપણ રીતે હક્ક દાવો પોષાતો હોય તો તેઓએ તેના દસ્તાવેજી પુરાવા સાથે નોટીસ પ્રસિદ્ધ થયેથી દિન-૭માં નીચે દર્શાવેલ સરનામે જાણ કરવી જેની નોંધ લેવી. મુદત વિત્યે કોઈને કોઈપણ પ્રકારનો વાંધો કે તકરાર નથી સમજી સદરહુ સોસાયટી ડુપ્લીકેટ શેર સર્ટીફિકેટ ઈશ્યુ કરશે. જેની નોંધ લેશો.

**મારી સૂચના અને ફરમાઈશથી**
**શ્રીમાળી પંકજકુમાર ભુદરભાઈ**

**અમારી મારફતે**
સ્નેહલતા એસ.શાહ (એડવોકેટ)
રહે.:બી-૧, નવદુર્ગા સોસાયટી, નરોડા, અમદાવાદ.
મો.નં.૮૫૧૧૦ ૮૯૧૯૯.

### SYMPHONY LIMITED

**CIN - L32201GJ1988PLC010331**
Regd. Off. : Symphony House, 3rd Floor, FP12-TP50, Bodakdev, Off S.G. Highway, Ahmedabad – 380 054, Gujarat Tel: +91-79-66211111, Website: www.symphonylimited.com
E-mail ID – investors@symphonylimited.com

NOTICE FOR LOSS OF SHARE CERTIFICATE(S)

Notice is hereby given that following share certificate(s) of Rs.10/- each of the Company has been reported lost / stolen / misplaced and the member(s) / their Claimant(s)/legal heir(s)/ has lodged claims to get their duplicate share certificate(s) of Rs.2/- each / from Company /IEPF Authority:

| Name of Member(s) | Folio No. | Old Share Certificate No. | Old Distinction Nos. From | Old Distinction Nos. To | No. of Shares |
|---|---|---|---|---|---|
| Pranay Raj | 017041 | 28682 | 6835101 | 6835200 | 100 |
| Bhupendra Kumar Jain | 014635 | 26149 | 6581801 | 6581900 | 100 |
| Jyotsna Y Jadeja | 018685 | 30332 | 7000101 | 7000200 | 100 |
| Vijay Kumar Neelam | 017023 | 28664 | 6833301 | 6833400 | 100 |

Further following share certificate of Rs. 2/- each of the Company has been reported lost / stolen / misplaced and the member(s) / legal heir(s) have requested the Company for issuance of duplicate share certificate in lieu of said original share certificate(s) / process claim of IEPF.

| Name of Member(s) | Folio No. | Share Certificate No. | Distinction Nos. From | Distinction Nos. To | No. of Shares |
|---|---|---|---|---|---|
| Manjula Shah Jt. Madhukant Shah Jt.Jatin Shah | 010193 | 1241 | 34022926 | 34023425 | 500 |
| Sanjay Nath Ravi | 017049 | 1990 | 34401426 | 34401925 | 500 |
| | | 114932 | 69878001 | 69878500 | 500 |
| Ashok Kumar Gupta Jt. Anjali Gupta | 010771 | 1287 | 34045926 | 34046425 | 500 |
| | | 113893 | 69268851 | 69269350 | 500 |
| Jyotsna Y Jadeja | 018685 | 2121 | 34467426 | 34467925 | 500 |
| Vijay Kumar Neelam | 017023 | 1982 | 34397426 | 34397925 | 500 |
| | | 114910 | 69867001 | 69867500 | 500 |
| Mukesh Jhunjhunwala | 017098 | 2009 | 34410926 | 34411425 | 500 |
| | | 114919 | 69871501 | 69872000 | 500 |
| Pranay Raj | 017041 | 1987 | 34399926 | 34400425 | 500 |
| | | 114935 | 69879501 | 69880000 | 500 |

Any person who has claim in respect of the aforesaid share certificate(s) should lodge his/her claim to the Company at its registered office within 10 days from date of publication of this notice, failing to which the Company will proceed to issue duplicate share certificate(s) / will return their undelivered share certificate(s) of Rs.2/- eachalso note that claim will be processed only if the documents are found in order and Company is satisfied with the same.

**For,** SYMPHONY LIMITED
**Sd/-**
Mayur Barvadiya
**Company Secretary**

**Date :** October 23, 2019
**Place :** Ahmedabad

natural cooling Symphony

### GUJARAT LEASE FINANCING LTD

Regd. Office: 6th Floor, Hasubhai Chambers, Opp: Town Hall, Ellisbridge, Ahmedabad-380 006.
Ph: 079-26575722, E-mail: glflho_ahm@yahoo.co.in CIN: L65990GJ1983PLC006345

**Un-audited Financial Results for the Quarter and half year ended on 30th September, 2019.**

(₹ in Lacs except per share data)

| Sl. No. | Particulars | Quarter ended 30.09.2019 | Quarter ended 30.06.2019 | Quarter ended 30.09.2018 | Year ended 31.03.2019 |
|---|---|---|---|---|---|
| | | (Un-audited) | (Un-audited) | (Un-audited) | (Audited) |
| 1 | Total Income | 13.72 | 0.60 | 16.60 | 24.44 |
| 2 | Net Profit/(Loss)for the period (before Tax and Extraordinary items) | 1.46 | (15.55) | 4.84 | (34.93) |
| 3 | Net Profit/(Loss) for the period (after Tax and Extraordinary items) | 1.93 | (15.95) | 4.84 | (38.40) |
| 4 | Total Comprehensive Income for the period (after tax) | 3.41 | 24.53 | 50.78 | 114.93 |
| 5 | Equity Share Capital | 2712.58 | 2712.58 | 2712.58 | 2712.58 |
| 6 | Reserves (excluding Revaluation Reserve as shown in the Balance Sheet of the previous year) | - | - | - | (3338.09) |
| 7 | Earning Per Share (of ₹ 10/- each) Basic and Diluted | 0.01 | (0.06) | 0.02 | (0.14) |

**Notes:**
1. The above is an extract of the detailed financial results for the quarter ended 30th September 2019 filed with the Stock Exchanges under Regulation 33 of the SEBI (Listing Obligations and Disclosure Requirements) Regulation, 2015. The full format of the same, along with the notes are available on the Stock Exchanges website at www.bseindia.com, www.nseindia.com and also on Company's web site : www.gujaratleasefinancing.co.in.
2. The above results have been reviewed by the Audit Committee and approved by the Board of Directors at their meeting held on 24th October, 2019.

**For Gujarat Lease Financing Limited**
**Harnish Patel**
**Director-In-Charge**
**DIN: 00114198**

Place : Ahmedabad
Date : 24th October, 2019